બારડોલી

ઓલપાડ

# મેઘરાજા અસ્સલ મૂડમાં: બારડોલીમાં 8 ઈંચ

**તંત્ર** અને ફેક્ટરીના પાપે તરભોણ પાટિયા પાસે હાઈવે ડૂબ્યો

**રાત્રિ** દરમિયાન જ ૭ ઈંચ વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારો જળબંબોળ

**ભુવાસણમાં** ખડકાયેલા ગેરકાયદે બાંધકામથી કુદરતી વહેણ રોકાતાં હજારોને હાલાકી

બારડોલી: મેઘરાજાએ બારડોલી પંથકને ધમરોળવાનું શરૂ કરતાં છેલ્લા ૨૪ કલાકમાં આશરે ૮ ઈંચ જેટલો મુશળધાર વરસાદ નોંધાયો છે, જેમાં માત્ર રાત્રિ દરમિયાન જ ૭ ઈંચ વરસાદ ખાબક્યો હતો. આ આકાશી આફત વચ્ચે માર્ગ-મકાન વિભાગ અને એક ખાનગી ફેક્ટરીની ઘોર બેદરકારીના કારણે બારડોલી-નવસારી હાઈવે પર આવેલા તરભોણ પાટિયા પાસે ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર હાઈવે નજીક જ બનેલી એક નવનિર્મિત ફેક્ટરીના સંચાલકોએ કુદરતી પાણીના નિકાલની જગ્યા પર જ મોટી દીવાલ ચણી દીધી હોવાથી વરસાદી પાણી આગળ વધી શક્યું ન હતું. તપાસ કરતાં ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે આ નવી ફેક્ટરીના નિર્માણ માટે ભુવાસણ ગ્રામ પંચાયત પાસેથી કોઈ પણ પ્રકારની વહીવટી પરવાનગી લેવામાં આવી ન હતી. રસ્તા પર પાણી ફરી વળવાના કારણે બારડોલી-નવસારી વચ્ચેનો વાહન વ્યવહાર અને એસ.ટી. બસો ખોરવાઈ જતાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ કલાકો સુધી હેરાન-પરેશાન થઈ અટવાઈ પડ્યા હતા. મોડી સાંજે પરિસ્થિતિ કાબૂ બહાર જતાં આખરે વહીવટી તંત્ર એક્શનમાં આવ્યું હતું. મામલતદાર સહિત માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની ફોજ બુલડોઝર સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીના નિકાલ માટે નડતરરૂપ બાંધકામ હટાવવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી હતી. તલાટી કમ મંત્રી મયૂરભાઈ જણાવ્યું હતું કે, અમે એક મિલને બાંધકામની પરવાનગી આપી છે. પરંતુ હાલમાં જે ફેક્ટરીનું બાંધકામ થઈ રહ્યું છે તેની પરવાનગી ગ્રામ પંચાયત દ્વારા આપવામાં આવી નથી.

### દબાણોની આડમાં નશાખોરીની બદી

હાઈવે પર કુદરતી વહેણ રોકતાં ગે રકાયદે બાંધકામોની સાથે સ્થાનિકોએ વહીવટી તંત્ર સામે અન્ય એક ગંભીર આક્ષેપ પણ કર્યો છે. રોડની આજુબાજુ સરકારી જમીન પર દબાણ કરીને ઊભા કરાયેલા ઝૂપડાંમાં નશાકારક પદાર્થોનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું હોવાની રાવ ઊઠી છે, જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે પણ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

માંડવી

### પ્રથમ વરસાદમાં જ બમરોલીમાં ૧૬ કલાકથી અંધારપટ

બારડોલી: ચોમાસાના પ્રથમ વરસાદે જ વીજ કંપનીની પ્રી-મોન્સૂન કામગીરીના ઘજાગરા ઉડાવી દીધા છે. બારડોલીના બમરોલી છેલ્લા ૧૬ કલાકથી વીજ પુરવઠો ઠપ હોવા છતાં રાત્રે કોઈ કામગીરી કરાઈ ન હતી. હાલ સમારકામ શરૂ છે, પણ લાઈટ ક્યારે આવશે તે નક્કી નથી. છેલ્લા એક અઠવાડિયાથી માંડ બે-ત્રણ દિવસ જ ટુકડે-ટુકડે વીજળી મળતા ગ્રામજનો અંધારપટમાં જીવવા મજબૂર બન્યા છે અને પીવાના પાણીની વિકટ સમસ્યા ઊભી થઈ છે. આ અંગે અધિકારીઓ માત્ર 'પ્રી-મોન્સૂન કામગીરી'ના બહાના ધરી રહ્યા છે.

કીમ

કિરણ ઢોડિયા

### કુડસદ GIDCમાં પાણી ભરાતાં ભારે નુકસાન

કીમ: ઓલપાડના કુડસદ GIDC વિસ્તારમાં છેલ્લા ત્રણ દિવસથી એકથી દોઢ ફૂટ પાણી ભરાયેલાં રહેતાં અનેક ફેક્ટરીઓમાં ઉત્પાદન ઠપ્પ થઈ ગયું છે. દેવિકા ફાઇબર્સના ટેક્નિકલ ડિરેક્ટર જયેશભાઈ ભગવાકરે જણાવ્યા મુજબ મશીનો બંધ રહેતાં લાખોનું નુકસાન થયું છે અને કારીગરો બેરોજગાર બન્યા છે. પ્રથમ વરસાદમાં જ ગ્રામ પંચાયતની પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખૂલી જતાં ઉદ્યોગકારોમાં ભારે નારાજગી છે. સ્થાનિકોએ તંત્ર સમક્ષ પાણીના નિકાલ માટે કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

## ઓલપાડમાં પોણા ચાર ઇંચ વરસાદ ખાબકતાં જનજીવન પ્રભાવિત

**ઓલપાડ** સેવાસદનના ગેટ, પોસ્ટ ઓફિસ કેમ્પસ, તા.પં. કેમ્પસ, એસ.ટી. ડેપોના પ્રવેશદ્વાર, બજાર સહિત શાકભાજી માર્કેટ નજીક વરસાદી પાણી ભરાયા

સાયણ: ઓલપાડ તાલુકામાં ગુરુવારે છેલ્લા ૨૪ કલાક દરમિયાન પોણા ચાર ઇંચ (૯૪ મી.મી.) જેટલો ભારે વરસાદ ખાબકતાં સમગ્ર ઓલપાડ ટાઉન પાણી-પાણી થઈ ગયું હતું. સુરત જિલ્લા ફ્લડ કંટ્રોલ રૂમના જણાવ્યા અનુસાર બુધવારે મોસમનો કુલ વરસાદ ૪.૦૬ ઇંચ હતો, જેમાં ગુરુવારે વધુ ૯૪ મી.મી. ઉમેરાતાં મોસમનો કુલ વરસાદ ૨૦૦ મી.મી. (૮ ઇંચ) પર પહોંચ્યો છે.

માત્ર બે દિવસમાં ૮ ઇંચ વરસાદ પડતાં સ્થાનિક તંત્રની પ્રિ-મોન્સૂન કામગીરીના ઘજાગરા ઊડ્યા હતા. ઓલપાડના મુખ્ય બજાર, તાલુકા સેવા સદન ગેટ, પોસ્ટ ઓફિસ કેમ્પસ, એસ.ટી. ડેપો પ્રવેશદ્વાર અને તાલુકા પંચાયત કેમ્પસ જેવા સરકારી વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. આના કારણે સરકારી કામ અર્થે આવેલા અરજદારો અને સામાન્ય જનતાને ભારે હાલાકી ભોગવવી પડી હતી. સ્થાનિક ગ્રાહક નરેશભાઈ શિંદેએ રોષ ઠાલવતાં જણાવ્યું કે, પોસ્ટ ઓફિસ કેમ્પસમાં વર્ષોથી પાણી ભરાય છે, છતાં અધિકારીઓ આંખ આડા કાન કરે છે. તંત્રની આ નિષ્ક્રિયતા સામે લોકોમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. જો કે, બપોરે ૩ વાગ્યા બાદ વરસાદે વિરામ લેતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ભરૂચ જિલ્લામાં ત્રીજા દિવસે સાર્વત્રિક વરસાદ, હાંસોટમાં સવા બે ઇંચ

**શહેરના** નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

ભરૂચ: ભરૂચ જિલ્લામાં 24 કલાકમાં સૌથી વધુ વરસાદ દરિયાઈ પટ્ટીના હાંસોટમાં સવા બે ઇંચ (2.25 ઇંચ) નોંધાયો, જ્યારે વાલિયામાં બે ઇંચ અને વાગરામાં દોઢ ઇંચ વરસાદ ખાબક્યો હતો.

ભરૂચ શહેરમાં સામાન્ય વરસાદને કારણે કસક ગરનાળામાં રાબેતા મુજબ વાહનવ્યવહાર ચાલુ રહ્યો હતો. પરંતુ ગાંધી બજારમાં આખો રોડ પાણીપાણી થઈ ગયો. વોર્ડ-1 અંતર્ગત સ્ટર્લિંગ પાર્ક, સંતોષ વસાહત અને વસીલા સોસાયટીમાં પાણી ભરાઈ જતાં સ્થાનિકોની હાલત કફોડી બની ગઈ હતી. આ અંગે વોર્ડ-1ના કોર્પોરેટર ઝુબેર પટેલે સ્થળની મુલાકાત લઈ લોકોની રજૂઆત સાંભળી હતી. તેમણે પાલિકાના મુખ્ય અધિકારી અને સિટી એન્જિનિયરને તાત્કાલિક ઉકેલ લાવવા જણાવ્યું હતું.

ભરૂચ જિલ્લામાં 24 કલાકમાં જંબુસરમાં 4 મીમી, આમોદમાં 8 મીમી, વાગરામાં 36 મીમી, ભરૂચમાં 4 મીમી, ઝઘડિયામાં 15 મીમી, અંકલેશ્વરમાં 23 મીમી, હાંસોટમાં 58 મીમી, વાલિયામાં 54 મીમી અને નેત્રંગમાં 20 મીમી વરસાદ પડ્યો હતો.

### સારંગપુર ગામમાં લક્ષ્મણનગર જતો માર્ગ પાણીમાં ગરકાવ

અંકલેશ્વર: સારંગપુર ગ્રામ પંચાયત હદમાં આવેલા લક્ષ્મણનગરનો મુખ્ય માર્ગ વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયો છે. યોગ્ય નિકાલના અભાવે દર વર્ષે સર્જાતી આ સમસ્યાને કારણે સરસ્વતી સ્કૂલના વિદ્યાર્થીઓને પાણીમાંથી પસાર થવું પડે છે, જેથી વાલીઓમાં અકસ્માતનો ભય છે. વારંવારની રજૂઆતો છતાં ગ્રામ પંચાયત દ્વારા કોઈ પગલાં ન લેવાતાં સ્થાનિકોમાં તંત્રની બેદરકારી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. રહીશોએ આ માર્ગ પરથી પાણીનો તાત્કાલિક નિકાલ કરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

## અંકલેશ્વરનાં 30થી વધુ ગામોમાં ચોમાસાની શરૂઆતમાં જ વીજધાંધિયા

અંકલેશ્વર: અંકલેશ્વર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ચોમાસાની શરૂઆત સાથે જ વીજ સંકટ ઘેરું બન્યું છે. વહેલી સવારથી બપોર સુધી લાંબા સમય સુધી વીજળી ગુલ રહેતા દિવા અને દીવી સહિત 30થી વધુ ગામોના લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. કલાકો સુધી પાવર કટ રહેવાને કારણે ઘરેલુ જીવન, ખેતી અને સ્થાનિક વેપાર ખોરવાઈ ગયા છે. ગ્રામજનોના આક્ષેપ મુજબ અંકલેશ્વર રૂરલ DGVCL કચેરીમાં ટેક્નિકલ અને ફિલ્ડ સ્ટાફની ગંભીર અછત છે. વળી, ૨૨ કે.વી. ફીડરમાં ખામીના કારણે હાઈટેન્શન લાઈનો તૂટી પડવાની ઘટનાઓ વારંવાર બને છે. આ ગંભીર પ્રશ્ને જેટકો અને ડીજીવીસીએલ પોતાની જવાબદારી સ્વીકારવાને બદલે એકબીજા પર દોષારોપણ કરી રહ્યા છે. નેતાઓ ઉદ્યોગપતિઓના પ્રશ્નો ઉકેલે છે પણ પ્રજાની ઉપેક્ષા કરે છે તેવો રોષ વ્યક્ત કરી સ્થાનિકોએ વીજ સમસ્યાના કાયમી ઉકેલની માંગ કરી છે.

## આમોદ-જંબુસર વચ્ચે ઢાઢર નદીમાં ફરી નારી વેલનો ઉપદ્રવ, પૂરની દહેશત

આમોદ ભરૂચ: આમોદ-જંબુસર વચ્ચે વહેતી ઢાઢર નદીમાં નારી વેલનો વ્યાપક ઉપદ્રવ વધતાં કાંઠાનાં સાત ગામોમાં પૂરની દહેશત છવાઈ છે. દાદાપોરના સરપંચ મહેન્દ્રભાઈ ઠાકોરના જણાવ્યા મુજબ અગાઉ પણ આ વેલને કારણે પૂર આવ્યું હતું. નદીમાં મગરો હોવાથી હવે માનવબળથી વેલ હટાવવી જોખમી છે, જેથી મશીનરીનો ઉપયોગ કરવા માંગ કરાઈ છે. બીજી તરફ ભૂતકાળમાં કંપનીએ ભારદારી વાહનો માટે નદી પર પથ્થરો નાંખી કામચલાઉ પુલ બનાવ્યો હતો, જે હજુ સુધી દૂર ન કરાતાં નદી છીછરી બની ગઈ છે. પરિણામે ૧૦૨ ફૂટની ભયજનક સપાટી સામે માત્ર ૯૭ ફૂટે જ પાણી ખેતરો અને ગામોમાં ઘૂસી જાય છે. ચોમાસું નજીક હોવા છતાં તંત્રની નિષ્ક્રિયતા સામે ગ્રામજનોમાં ભારે રોષ છે.

# વેલાછાની શાળાના કમ્પાઉન્ડમાં પાણી ભરાતાં દીવાલ તોડવી પડી

**ચિંતાગ્રસ્ત** બનેલા વાલીઓમાં દોડધામ મચી, વિદ્યાર્થીઓને રજા આપી દેવી પડી

**૩.૪૮** લાખના ખર્ચે થયેલી કામગીરી સામે ગ્રામજનોનો રોષ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: વેલાછાની સરકારી પ્રાથમિક શાળાના કમ્પાઉન્ડમાં ભારે વરસાદ અને પાણીના નિકાલના અભાવે ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં અફરાતફરી મચી ગઈ હતી. શાળામાં પાણી ભરાવાના સમાચાર મળતા જ ચિંતાગ્રસ્ત વાલીઓએ શાળા તરફ દોટ મૂકી હતી. પરિસ્થિતિ વણસતાં આખરે ચાલુ શિક્ષણ અટકાવીને તમામ વિદ્યાર્થીઓને તાત્કાલિક રજા આપી દેવી પડી હતી.

ઘટનાની જાણ થતાં જ ગ્રામ પંચાયતના હોદ્દેદારો સ્થળ પર દોડી આવ્યા હતા. તેમણે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કર્યા બાદ તાત્કાલિક જેસીબી મશીન કામે લગાડ્યું હતું અને શાળાની નવી બનેલી કમ્પાઉન્ડ વોલ તોડીને પાણીનો નિકાલ કરવાની ફરજ પડી હતી. ગ્રામવાસીઓએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, તાજેતરમાં જ શાળામાં રૂ.૪૮ લાખના ખર્ચે રિનોવેશન, બ્લોક ફિટિંગ અને નવી કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ થયું હતું. જો આટલો મોટો ખર્ચ કરાયો હોય, તો પાણીના નિકાલનું યોગ્ય આયોજન કેમ ન કરાયું? ગ્રામજનોમાં કોન્ટ્રાક્ટરની નબળી કામગીરી સામે અનેક સવાલો અને શંકાઓ ઊઠી રહી છે.

શાળાની બાજુમાં જ નવું આરોગ્ય કેન્દ્ર પણ બનાવવામાં આવ્યું છે. આગામી ૪ તારીખે આ શાળા અને આરોગ્ય કેન્દ્ર બંનેનું ભવ્ય ઉદ્ઘાટન થવાનું છે, પરંતુ તે પૂર્વે જ ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં તંત્રની પોલ ખૂલી ગઈ છે. ઘટના બાદ કોન્ટ્રાક્ટર પણ દોડી આવ્યો હતો, પરંતુ તે પહોંચે તે પહેલાં પંચાયતે દીવાલ તોડી નાંખી હતી.

# વાલોડ-વ્યારામાં 4-4 ઈંચ વરસાદ પડ્યો

**ડોલવણમાં** 2.2 ઇંચ અને સોનગઢ 1.5 ઇંચ પાણી પડ્યું

**ઉચ્છલ,** નિઝર અને કુકરમુંડા સહિતના તાલુકા કોરાકટ

વ્યારા, વાલોડ, સોનગઢ: તાપી જિલ્લામાં ગતરોજ વ્યારા, વાલોડ સહિત ડોલવણ, સોનગઢ અને ઉકાઈ તાલુકાનાં વિસ્તારોમાં વરસાદી માહોલ જામ્યો હતો, જેમાં વ્યારા અને વાલોડ તાલુકામાં 4-4 ઇંચ વરસાદ વરસ્યો હતો. જ્યારે જિલ્લામાં વરસાદના આંકડા જોઇએ તો વ્યારા અને વાલોડમાં 4-4 ઇંચ, જ્યારે ડોલવણમાં 2.2 ઇંચ તથા સોનગઢ તાલુકામાં 1.5 ઇંચ તો ઉકાઈ તાલુકામાં 0.7 ઇંચ વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં વ્યારા, વાલોડ ડોલવણ સહિત અનેક વિસ્તારોમાં વરસાદનું ધીમે ધીમે જોર વધતાં વાવણી અનુરૂપ વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશી છવાઈ જવા પામી છે. સોનગઢ અને ઉકાઈ પંથકમાં વરસાદી માહોલ જામતા ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. વાતાવરણમાં પ્રસરેલી ઠંડક અને વરસાદને પગલે વહેલી સવારથી જ ખેડૂતો પોતાનાં ખેતરોમાં રોપણીના કામકાજમાં વ્યસ્ત બન્યા હતા.

### માંડવીના ડાહ્યાપાર્કમાં પાણી ભરાયા

માંડવી: માંડવી નગર અને તાલુકા વિસ્તારમાં છેલ્લા બે દિવસથી વરસાદને પગલે જનજીવન ખોરવાયું છે. પાલિકાના વોર્ડ નં-1માં આવેલા ડાહ્યાપાર્ક અને પી.એન.પાર્ક સોસાયટીમાં કોમન અને ખાલી પ્લોટમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા.

## મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવેનો કીમ ટોલનાકા નજીક પુરાણનો ભાગ પ્રથમ વરસાદમાં જ ધોવાયો

ઈબ્રાહીમ કાનુ

હથોડા: તાજેતરમાં નવો બનેલો મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે કીમ ટોલ નાકા પાસે મોટી નરોલી નજીક પુરાણ કરેલા હાઈવેની સાઈડનો ભાગ પ્રથમ વરસાદમાં ધોવાતા વિસ્તારના લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો અને હાઈવેનું કામ કરનારી એજન્સી તેમજ કોન્ટ્રાક્ટર દ્વારા ભરપૂર ભ્રષ્ટાચાર આદર્યો હોવાની લોકોમાં ચર્ચા સાંભળવા મળી હતી. ગઈકાલથી શરૂ થયેલા મુશળધાર વરસાદના પ્રથમ રાઉન્ડમાં જ હાઈવેનું પુરાણ કરવામાં આવેલો ભાગ સિમેન્ટ કોંક્રેટની સાથે ધોવાઈ જતો હોય તો હજી ચોમાસાના આગામી દિવસોમાં શું હાલ થશે તેની કામ કરનાર એજન્સીએ નોંધ લેવી જોઈએ. કરોડોના ખર્ચે એક્સપ્રેસ હાઈવેનું લેવલ ઊંચુ કરીને બનાવવામાં આવ્યો છે. જે કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરી આ કામગીરી સાવ તકલાદી કરી હોવાનો પણ લોકો આક્ષેપ કરી રહ્યા છે.

## કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતાં સર્વિસ રોડ ઉપર પાણી ભરાયા, વાહનચાલકોને હાલાકી

**અંદાજે** રૂ.3 કરોડના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ગટરના રૂપિયા પાણીમાં ગયા

વિશાલ પટેલ

કામરેજ: બે દિવસના જ વરસાદમાં કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતાં સર્વિસ રોડ પર પાણી વર્ષો જૂની પાણી ભરાઈ જવાની સમસ્યા ઠેરની ઠેર છે, તો તાલુકા પંચાયતના પ્રમુખના શો રૂમની સામે પણ પાણી ભરાઈ ગયા છે. સવારથી બપોર સુધીમાં 12 મીમી જ માત્ર વરસાદ વરસ્યો હતો, જેમાં કામરેજ ચાર રસ્તાથી ખોલવડ જતાં સર્વિસ રોડ પર વર્ષો જૂની પાણી ભરાઈ જવાની સમસ્યા ઠેરની ઠેર જોવા મળી રહી છે. સરકાર દ્વારા અંદાજે રૂ.3 કરોડના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવામાં આવી છતાં પણ હાલ પરિસ્થિતિ જૈસે થે જેવી જોવા મળી રહી છે. સરકારના રૂ.3 કરોડ જે પાણીના નિકાલ માટે ખર્ચ કરવામાં આવ્યા તે રૂપિયા પણ પાણીમાં ગયા હોઈ એવું અહીં લાગી રહ્યું છે.

## કીમ પૂર્વમાં ચાર વીજપોલ તૂટી પડતાં વીજ પુરવઠો ખોરવાયો

કિરણ ઢોડિયા

કીમ: કીમ ગામના પૂર્વ વિસ્તારમાં ચાલી રહેલા બોક્સ ડ્રેનેજના કામ દરમિયાન આડેધડ ખોદકામના કારણે ચાર જેટલા વીજપોલ ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. કિમાવતી કોમ્પ્લેક્સ નજીક બનેલી આ ઘટનાથી વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટના સવારના સમયે બનતાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી.